


ગાંધીનગરના સેક્ટર-૧૬માં આવેલી ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લી. દ્વારા સામાજીક સેવા અર્થે કાળઝાળ ગરમીમાં નાગરિકોને રાહત અપાવવા નિઃશુલ્ક છાશ વિતરણ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. જેમાં દરરોજ ૧૨૦ લિટરથી વધારે છાશ પીવડાવવામાં આવે છે.

# ફિરોજપુરના દબાણો હટાવવા સામે પંચાયત પ્રમુખે કલેક્ટર સામે વિરોધ કર્યો

ગાંધીનગર, તા. ૨૦

ગિફ્ટસીટી નજીક આવેલ ફિરોજપુર ગામમાં આજે ગિફ્ટ સીટી સત્તાવાળાઓ દ્વારા દબાણ દૂર કરવા માટેની હાથ ધરાયેલી કામગીરી સામે ગ્રામજનો વતી સરપંચશ્રીએ જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરનું ધ્યાન દોરી કલેક્ટરને રજૂઆત કરવા જણાવ્યું હતુ. જિલ્લા પંચાયતના પ્રમુખે આ મુદ્દે જિલ્લા કલેક્ટર સતીષ પટેલને લેખિત રજુઆત કરી ગિફ્ટ સીટી સત્તાવાળાઓના વલણ સામે રોષ વ્યક્ત કરી લેખિત રજુઆત કરી ગ્રામજનોના હક્કનું રક્ષણ કરવા સૂચવ્યું છે.

ઠાકોરે કલેક્ટરને પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે ફિરોજપુરા ગામના દશરથભાઈ મંગળભાઈ રાવળ તેમજ અન્ય ગ્રામજનોએ મૌખિક રજૂઆત કરેલ છે તેઓશ્રીના છેલ્લા લગભગ ૧૦૦ વર્ષ ઉપરથી ફિરોજપુરા ગામના નીમ થયેલા ગામતળમાં મકાનો બનાવી વસવાટ કરે છે અને તેઓ ત્યાં બનાવેલ મકાનોમાં વિજ કનેક્શન, નળ કનેક્શન પણ ગ્રામ પંચાયતની મંજુરીથી મળેલ છે. વસવાટ કરનાર ઈસમોના આકારણી પત્રકે પણ સદરહુ મકાનની આકારણી પત્રકે પણ નોંધ પાડેલ છે. તો આવા સંજોગોમાં ગીફ્ટ સીટીના સંચાલક આશુતોષભાઈ ફિરોજપુર રાવળ વાસમાં વસવાટ કરતા ૨૦ થી ૨૫ કુટુંબોને ગ્રામ પંચાયત દ્વારા કે સરકારના કોઈ વહિવટી તંત્ર દ્વારા કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કે દબાણ નક્કી કર્યા સીવાય સદરહુ ઉપરોક્ત જણાવેલ મકાનો દૂર કરવા જણાવેલ છે. પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ પર જઈ વસવાટ કરતા રહીશોને ધમકી આપી મકાનો ખાલી કરવા જણાવેલ છે. અને હાલ ગીફ્ટ સીટીના નવીન રસ્તો બની રહેલ છે. તે રસ્તો રાવળવાસના અંદર થઈ રહેલ છે. આ રસ્તો બનાવવામાં આવે તો વસવાટ કરતા ઈસમોનો મકાનોને અસર થાય તેમ હોઈ સદરહુ રસ્તાનું કામ તાત્કાલિક ધોરણે અટકાવવા તેમજ સદરહું રહેણાંકના મકાનો નીમ થયેલ ગામતળની જમીનમાંથી હટાવવાની કોઈજ કાર્યવાહી ન કરવા અમારી ભલામણ છે. આ સાથે વસવાટ કરતા ઈસમોના મકાનોની આકારણી પત્રકો નોંધ થયેલ છે. જે આકારણી પત્રકોની ઝેરોક્ષની નકલો સામેલ રાખેલ છે.

## ખૂણે ખાંચરેથી...

● સ્માર્ટ સીટી અંગે શનિવારે ગાંધીનગરમાં વર્કશોપ તો રવિવારે સ્માર્ટ વિલેજ યોજનાના પ્રારંભની ઘોષણા થશે.

● ગાંધીનગરમાં સરકારી કાર્યક્રમોને પગલે આજે તંત્રના કર્મચારીઓની દોડધામને લઈને કચેરીઓ ખાલીખમ લાગતી હતી.

● જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતિ જયશ્રીબેન દેવાંગને આજે તાલુકા વિકાસ અધિકારીઓની સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

● ગાંધીનગર શહેરમાં ચાલી રહેલા વિવિધ સમરકેમ્પો હવે તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુક્યા છે.

● આગામી સપ્તાહે ધો. ૧૦ અને ૧૨ કોમર્સના પરીક્ષાના પરિણામો જાહેર થવાના હોઈ વાલીઓમાં-વિદ્યાર્થીઓમાં ઉત્તેજના જોવા મળી રહી છે.

● ગાંધીનગરમાં જુના સચિવાલય સંકુલમાં આવેલ સહકારી ઉપાહાર ગૃહના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી મોકુફ રાખવામાં આવી છે.

# ભલુ થાય આ ગરમીની ઋતુનું કમ સે કમ દેશની વહુ-દીકરી માથે ઓઢીને તો ચાલે છે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર સહિત રાજ્યભરમાં ભયંકર હિટવેવની અસર થઈ રહી છે. પરિણામે સંપુર્ણ જનજીવન પ્રભાવિત બની રહ્યું છે. ત્યારે વોટસઅપ અને ફેસબુક જેવા સોશ્યલ મીડિયા પર ગરમી પર અવનવા જોક રમુજ ટુચકા અને કમેન્ટ પણ સતત 'હિટ' થઈ રહ્યા છે અને ગરમી અને તાપથી બચી ઘરમાં બેઠા બેઠા લોકો પોસ્ટો વાંચી મનોરંજન લઈ રહ્યા છે. શહેરમાં ગરમીને પગલે લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. સતત ગરમીનો પારો તેનો ઐતિહાસિક રેકોર્ડ તોડી રહ્યો છે. અગન દઝાડતી ગરમીથી બચવા નાગરિકો ઠંડક આપતા વીજ ઉપકરણો પાસે જ બેસી રહેવાનું પસંદ કરે છે. ગરમી સતત વધતા આ ગરમીને લઈ ફેસબુક અને વોટ્સઅપ જેવા ગરમી સંબંધીત અવનવી રમુજ, જોક અને ટુચકાનો મારો વધી રહ્યો છે અને લોકો ઘરમાં પુરાઈ એક બીજાને પોસ્ટો મોકલી મનોરંજન લઈ રહ્યા છે.




છેલ્લા બે દિવસમાં ગરમીને પગલે સોશ્યલ મીડીયા પર આ પ્રકારની પોસ્ટ હોટ સાબિત થઈ રહી છે. જેમ કે 'ડિયર પાપડ... આજે સમજી શકાય છે શેકાઈએ તો કેવુ લાગે', 'ભગવાનની અસીમ કૃપાથી આજે બપોરે મે બીએમડબલ્યુ૭૫૦ લીધી બીએમડબલ્યુ (બિસલરી મીનરલ વોટર) ૭૫૦ એમ.એલ. શુ કરૂ ગરમી બહુજ પડે છે.', 'ભલુ થાય આ ગરમીની ઋતુનું કમસેકમ એના બહાને દેશની વહુ અને દિકરીઓ માથે ઓઢીને તો ચાલે છે.', 'ગરમીનો એક મહત્વપૂર્ણ ફાયદો.. ઠંડી ન લાગે', 'ખબરદાર આજે કોઈએ ૫૧ ડિગ્રીનો સ્ક્રિનશોટ મૂક્યો તો... ચાલુ મોબાઈલમાંથી ધુમાડા નીકળે છે,' ગરમી ક્યા હજુ એવી પડી છે.. હજુ કેટલાયના ઘમંડો ઓગળ્યા નથી', 'અત્યારે તો ટાઢિયો તાવ આવે તો મજા પડે...આપણે ૫૦ ડિગ્રીમાં ૨ ગોદડા ઓઢીને હેય..સુતા હોઈ એને ખબર કાઢવા આવે એને મોઢુ બહાર કાઢીને કહીએ કે બહુ ઠંડી વાય છે યાર...ને પછી એનુ મોટુ જોઈને જે જલસો પડે... નઈ ?', 'ગગો અમારા કહ્યામાં નથી કોઈએ ખુલ્લા ડીલે વહેવાર કરવો નહી અમારી કોઈ જવાબદારી રહેશે નહી લી. બ્રહ્મા', 'આજકાલ અહમદાબાદમે સુબહ નહી હોતી બલ્કિ સીધે દોપહર હો જાતી હે, સુબહા કા ભૂલા શામ કો ઘર આયે તો ઉસે ભૂલા હુઆ નહી બલ્કિ ભુના હુઆ કહેતે હૈ', 'ઈસ ગર્મી કા આલમ બસ ઈતના સા હે ગાલિબ... કપડે ધોતે હી સુખ જાતે હે ઔર પહનતે હી ગીલે હો જાતે હૈ...', હનુમાનજી અબ સમય આ ગયા હે કી આપ ફિરસે સૂરજ કો ખા લો..,' 'અગર આપ અબ ભી યહ સોચ રહે હે કી ફોગ ચલ રહા હે તો ટીવી છોડ બહાર નિકલ કે દેખો 'ભૂ' ચલ રહી હે અબ તો', 'હે ભગવાન જીવનની તકલીફો ઓછી ન કરો તો વાંધો નહી પણ ગરમી તો ઓછી કરો...', 'અલી ઓય ઠંડી આઈ મીસ યુ સો મચ', 'કુંડામાં પાણી પીતુ પક્ષી બોલ્યુ બહેન આ કુંડામાં થોડો બરફ પણ નાખો.. તો સારૂ', 'અબકી બાર ૫૦ કે પાર-દૂધવાલા બહનજી દૂધ ગર્મ કરને કી જરૂરત નહી રાસ્તે મે હી ઉબલ ગયા હૈ...', વગેરે પોસ્ટો એ ધૂમ મચાવી છે.

# પેથાપુર નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન તરીકે મનીષભાઈ પટેલની વરણી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની પેથાપુર નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન પદે મનીષભાઈ પટેલની આજે નિયુક્તી કરવામાં આવી છે.

પેથાપુર નગરપાલિકાની આજે મળેલ બેઠકમાં નગરપાલિકાની જુદી જુદી સાત સમિતિઓની રચના કરવામાં આવી છે. સત્તાધારી ભાજપ દ્વારા આજે પક્ષના સભ્યોને આ સમિતિઓની રચના માટે મેન્ડેટ આપવામાં આવ્યા હતા તેમજ તાલુકા પ્રમુખ પણ નગરપાલિકાની કચેરી ખાતે હાજર રહ્યા હતા.

આજે રચાયેલ સાત સમિતિઓમાંથી ચાર સમિતિઓમાં ચેરમેન તરીકે મહિલા સભ્યોની પસંદગી કરવામાં આવી છે. જેમાં શિક્ષણ સમિતિના ચેમરેન તરીકે અલ્પાબેન પટેલ, વોટરવર્કસ કમિટીના ચેરમેન તરીકે સંગીતાબેન પટેલ, મહિલા સતામણી તપાસ સમિતિમાં હંસાબેન ઠાકોર અને બાંધકામ સમિતિના ચેરમેન તરીકે મીનાબેન વાઘેલાની નિયુક્તી કરવામાં આવી છે.

આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે મનોહરસિંહ વાઘેલા તેમજ સ્ટ્રીટલાઈટ કમિટીના ચેરમેન તરીકે પરબતસિંહ વાઘેલાની પસંદગી કરવામાં આવી છે.

## આવતીકાલે દિલ્હી ખાતે કેન્દ્રીય ભાજપ દ્વારા એક દિવસીય મીડિયા વર્કશોપ

આવતીકાલ તા. ૨૧મે ના રોજ કેન્દ્રિય ભાજપા દ્વારા એક દિવસીય મીડિયા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વર્કશોપમાં પ્રદેશ ભાજપ તરફથી પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યા, પ્રદેશ મીડિયા સેલ કન્વીનર ડૉ. હર્ષદ પટેલ અને સૌરાષ્ટ્ર ઝોન મીડિયા કન્વીનર રાજુભાઈ ધ્રુવ ભાગ લેશે.

# 'નીટ' મામલે કેન્દ્ર સરકારના નિર્ણયને ભાજપ આવકારે છે

ગાંધીનગર, તા. ૨૦

પ્રદેશ અધ્યક્ષશ્રી વિજયભાઈ રૂપાણીએ, આજરોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા મેડિકલ પ્રવેશ અંગેની નીટ પરીક્ષાના ફરજિયાતપણાને એક વર્ષ સુધી મુલતવી રાખવા અંગેના નિર્ણય બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, આ નિર્ણયથી ગુજરાતના ૬૫ હજારથી વધુ વિદ્યાર્થીઓને રાહત થશે. કેન્દ્ર સરકારે વિદ્યાર્થી અને વાલીઓની લાગણીને વાચા આપી આ નિર્ણય કર્યો છે.

પ્રદેશ ભાજપા અને રાજ્ય સરકારે રાજ્યના વિદ્યાર્થીઓને મેડિકલ પ્રવેશમાં નીટના કારણે મુશ્કેલી ઉભી ના થાય તે માટે દરેક તબક્કે પ્રયત્નો કર્યા હતા. કેન્દ્રના આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ ગુજરાત સહિત ૧૬ જેટલા રાજ્યોના વિદ્યાર્થીઓની ભાષા, અભ્યાસક્રમ અને સમયગાળાની વ્યાવાહારીક મુશ્કેલીને સમજીને કેન્દ્ર સરકારે આ નિર્ણય વિદ્યાર્થીઓના વ્યાપક હીતમાં લીધો છે.



ઈસનપુર મોટા ખાતે બ્રહ્માણી માતાજીનો પાટોત્સવ અને ઈસનપુર મોટા સમાજનો ૧૮મો સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવ ઈન્દુબેન રાવલના યજમાન પદે યોજાયો હતો. આ પ્રસંગે વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા- બ્રહ્મ સમાજના પ્રમુખ, ઓમ લેન્ડ માર્ક એજયુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ રાવલ, ગામના સરપંચ રમણભાઈ પટેલ તથા અન્ય સંસ્થાના આગેવાનોનું ભગવાન પરશુરામનું પરશુ સ્મૃતિ ચિહ્ન, શાલ તેમજ પુષ્પ ગુચ્છથી સ્વાગત કરાયું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# 'મેં જિંદગી આખી નાટક સિવાય કંઈ જ કર્યું નથી'

## ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મોના સૅન્ચુરિયન અદાકાર પી. ખરસાણીની વિદાય

ગુજરાતી ફિલ્મોમાં નાનું કદ, વિશિષ્ટ તળપદી બોલી અને સદાકાળ હસતો-હસાવતો ચહેરો એટલે પી. ખરસાણી. ગુજરાતી ફિલ્મોનો જયારે સુવર્ણકાળ ચાલતો ત્યારે કૉમેડિયન તરીકે જેમણે અમર લોકચાહના પ્રાપ્ત કરી હતી એવા સૉન્ચુરિયન અદાકાર પી ખરસાણીએ શુક્રવારે સાંજે ૫.૧૪ કલાકે આપણી વચ્ચેથી વિદાય લીધી છે.

માત્ર ગુજરાતી ફિલ્મો જ નહીં, પરંતુ નાટકોમાંય જેમણે પોતાની અમીટ છાપ છોડી છે એવા પી ખરસાણીનો જન્મ દેવજીભાઈ અને વાલીબાને ઘેર ૧૯ જૂન, ૧૯૨૬ના રોજ થયો હતો. પી ખરસાણી તરીકે તેઓ જાણીતા, પણ આ 'પી' એટલે પ્રાણલાલ. આમ, પ્રાણલાલ ખરસાણી એ એમનું મૂળ નામ.

જાણવા જેવી વાત એ છે કે મોટા ગજાના અદાકાર તરીકે નામના પ્રાપ્ત કરનારા પી ખરસાણીનો પહેલો પ્રેમ ચિત્રકલા હતો અને ચિત્રકલા જ એમને રંગમંચ સુધી દોરી ગઈ હતી. અલબત્ત, અદાકાર તરીકે કામ કરતા પહેલાં તેમણે રંગભૂમિ પ્રત્યેના પ્રેમથી આકર્ષાઈને મેક-અપ આર્ટીસ્ટ તરીકે પણ કામ કર્યું હતું. એમના જ શબ્દોમાં કહું તો 'મેક-અપ કરતાં કરતાં મેક-અપવાળા જોડે પરિચય થયો, પછી નાટકવાળા જોડે પરિચય થયો... એમ કરતાં કરતાં નાટકમાં મારી એન્ટ્રી થઈ ગઈ.'

૧૯૪૬માં એમને નાટકમાં પહેલો બ્રેક મળ્યો. મદનલાલ મહેતા કૃત 'રક્ષાબંધન' એ એમનું પહેલું નાટક. એમાં એમણે પોતાની ઍક્ટર તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી દીધી અને પછી ક્યારેય પાછું વળીને જોયું નથી. સાથે-સાથે જ એવું નક્કી પણ કરી લીધું હતું કે હવે આજીવન અદાકારી સિવાય બીજું કાંઈ કરવું પણ નથી. આ નિર્ધાર એમણે છેલ્લા શ્વાસ સુધી જાળવ્યો.






નાટક જ એમને ફિલ્મો સુધી પણ લઈ ગયું અને ગુજરાતી ફિલ્મોના સુવર્ણકાળમાં વાલો નામોરી, નારી તું નારાયણી, ગોરલ ગરાસણી, ઘર દીવડી, તનુજા જેવી સુપરહીટ ફિલ્મોમાં એમણે યાદગાર અભિનય આપ્યો. એ વખતે એમની બોલવાની વિશેષ સ્ટાઈલની તો ઘેર-ઘેર કોપી થતી એવી પ્રસિદ્ધિ એ પામ્યા હતા.


મુંબઈમાં ઘણું કામ કર્યું, પરંતુ પરિસ્થિતિને આધિન અમદાવાદમાં આવવું પડ્યું. અલબત્ત, એમની પ્રતિભા બરકરાર હતી એટલે અમદાવાદમાંય એમનો કામ મેળવવામાં ખાસ તકલીફ ન પડી.

જૂન, ૨૦૧૫માં એમનું પુસ્તક પ્રકાશિત થયું, 'પી ખરસાણીનો વેશ'ને નામે. એ વિમોચન કાર્યક્રમમાં સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી ઉપરાંત ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા તથા જાણીતા અદાકાર અર્ચન ત્રિવેદી ઉપસ્થિત હતા. આ કાર્યક્રમમાં ખરસાણીદાદાને બિરદાવવા આવેલી વિરાટ માનવમેદનીને જોઈને દાદા લાગણીશીલ બની ગયા હતા. 'આજે ખૂબ ખુશી થાય છે. મારા જેવા પાંચ ચોપડી અંગ્રેજી ભણેલા માણસ માટે આટલા બધા લોકો આવ્યા એ જ મારા જીવનની સિદ્ધિ છે' એમ તેઓ ગળગળા થઈને બોલ્યા હતા.

એક ટીવી ચૅનલને આપેલા ઈન્ટર્વ્યૂમાં તેમણે પોતાના જીવનમાં ઉતારેલા સિદ્ધાંતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું, 'બાવરા બનીને ક'દિ કર્મ ન કરવું જોઈએ, મનને સાચું લાગે એ કરવું જોઈએ! મેં પણ હંમેશાં એ જ કર્યું છે જે મને ગમ્યું છે ને એટલે જ હું જીવનમાં ખુશ રહ્યો છું, સુખી રહ્યો છું.' ખરસાણી દાદાએ પોતાનો અભિનયનો વારસો દીકરા ચીકા ખરસાણીને આપ્યો છે, જે આ વારસાને આગળ ચલાવી રહ્યા છે.

**પી. ખરસાણીની અંતિમ યાત્રા શનિવાર, તા. ૨૧ જૂનના રોજ સવારે ૭.૩૦ કલાકે ઍચ-૩૩, સચિન ટાવર, આનંદનગર, અમદાવાદ ખાતેથી નીકળી વી ઍસ સ્મશાનગૃહ પહોંચશે.**

પત્તાંની જોડ એ પી ખરસાણીનું વખણાયેલું ને નીવડેલું નાટક. રંગમંડળ સાથે મળીને એ નાટકના ૧૦૦ જેટલા શો ખરસાણીદાદાએ કરેલા ને પછી સ્વતંત્રપણે પણ ૫૦૦ ઉપરાંત શો કરેલા. હાઉસફૂલ શો જતા એ નાટકના. એ જમાનામાં અમદાવાદ ટાઉનહૉલમાં બાલ્કનીમાં ખુરશીઓ



નહોતી, તોય લોકો આ નાટક જોવા બાલ્કનીમાં જગ્યા લેતા. પાંચસોના હૉલમાં સાતસો પ્રેક્ષકો ભીડભાડમાં બેસીનેય એ નાટક જોતા. ટિકિટનો દર આઠ આના.

પી ખરસાણી દાદાજીનો રૂઆબદાર રોલ કરે આ નાટકમાં. શરૂઆતના પાંચેક શોમાં સ્ક્રીપ્ટ મુજબ નાટકના અંત ભાગમાં દાદાજીનું અવસાન થાય. ત્યારે અડધો હૉલ તો રડતો હોય. એ પછી થોડાક લોકો ખરસાણીદાદાને મળવા આવ્યા ને વિનંતી કરી કે આટલું જાનદાર પાત્ર નાટકના અંતમાં મરી જાય એ પ્રેક્ષક તરીકે અમને પસંદ નથી આવતું, એટલે નાટકનો અંત બદલવો જોઈએ. તો પી ખરસાણીએ આ અંત બદલી નાંખ્યો અને એ પછી નાટક જ્યાં પણ ભજવાયું ત્યાં 'દાદાજી'નું એ પાત્ર હંમેશાં જીવતું જ રાખ્યું.

૧૯૯૬માં અને ૨૦૧૪માં આ નાટક ફરીથી સર્જિત થઈને પ્રદર્શિત થયું હતું. એના પરથી ફિલ્મ બને એવી ખરસાણીદાદાની ઈચ્છા અધૂરી રહી ગઈ. એમણે કહેલું, 'આ નાટક પરથી કોઈ વ્યક્તિ ફિલ્મ બનાવશે તો હું છેક સુધી એની જોડે રહીશ, જીવીશ ત્યાં સુધી રહીશ...'

હંમેશાં સમયની કિંમત સમજનારા ખરસાણીદાદા વટથી કહેતા, 'મેં જિંદગીમાં ક્યારેય કોઈનો સમય બગાડ્યો નથી.' અલબત્ત, એમણે પોતાના હાસ્યના માધ્યમથી હંમેશા લોકોના સમયને સુધાર્યો ને સંવાર્યો જ હતો. જોકે, જીવનભર લોકોને હાસ્યરસ પીરસનારા પી. ખરસાણીનો પસંદગીનો રસ તો ટ્રેજેડી હતો, જે એમને નાટકો ને ફિલ્મોમાં ખૂબ ઓછો પીરસવા મળ્યો હતો!

'મેં જિંદગી આખી નાટક સિવાય કંઈ કર્યું જ નથી.' નાટક માટે આવું ગૌરવ લેનારા પી. ખરસાણીએ 'નાટકને જોતા રહો, નાટકને માણતા રહો' એ સંદેશ કલાપ્રેમી સમાજને આપ્યો છે.

# વલાદમાં આંગણે પાણી છાંટતા લપસી ગયેલા વૃદ્ધનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીક આવેલા વલાદ ગામમાં રહેતા ૬૬ વર્ષીય વૃદ્ધ ખેંગારભાઈ મફતભાઈ વાઘેલ આજે સવારે સાડા દશ વાગ્યાના અરસામાં ઘર આંગણે પાણીનો છંટકાવ કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક તેમનો પગ સ્લીપ મારતા ખેંગારભાઈ લપસી પડયા હતા. તેમને માથાના ભાગે ઈજાઓ થતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૨ સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનને ફુલોના વાઘા

ગાંધીનગર, તા. ૨૦

સેકટર-૨ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજ, નરનારાયણ દેવ, રાધા-કૃષ્ણ દેવ આદિ દેવોને ફુલોના વાઘાથી સજ્જ કરવામાં આવશે. કાળજાળ ગરમીના દિવસોમાં ભગવાનને ઠંડકનો અહેસાસ થાય એવી ભકત સમુદાયની ભાવનાથી તા. ૨૧મી મેના રોજ દેવોને ફુલોના વાઘા ધારણ કરાવવામાં આવશે. નગરના ભાવિક ભકતોને દર્શનનો લાભ લેવા મહંત સ્વામીએ જણાવ્યું છે.



તાજેતરમાં શ્રી છેડાલ પરગણા વણકર સમાજ દ્વારા કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલિગલ વોલન્ટયર્સ સુધીરભાઈ દેસાઈ અને જયરામભાઈ સોની દ્વારા એસ.સી.,એસ.ટીના અધિકારો, બિન સંગઠિત મજૂરોના અધિકારો વિશેની માહિતી આપવામાં આવી હતી. આ કાનૂની શિબિરમાં સમાજના પ્રમુખ નયનભાઈ સોલંકી, ઉપપ્રમુખ મનીષભાઈ પરમાર, મંત્રી વી.એમ.સોલંકી, મણિભાઈ સોલંકી, વિનયકાન્ત ડોડિયા અને જી.ડી.મકવાણા દ્વારા અધિકારો વિશે વિસ્તૃત માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.